# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-10-2024** **Morning: 7.10 to 7.20**

**Day: Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) લોખંડી પુરૂષ સરદાર પટેલની જન્મજયંતિના પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એકતાનગર ખાતે રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવશે..

2) એકતાનગર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 284 કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે સાળંગપુર સ્થિતિ કષ્ટભંજન હનુમાન મંદિર ખાતે આધુનિક સુવિધાઓથી સજ્જ અતિથિ ભવનનું ઉદ્ઘાટન કરશે

4) રાજ્ય કરવેરા વિભાગના અમદાવાદ, સુરત અને રાજકોટમાં વ્યાપક દરોડા,,, જ્વેલેરીના વેપારીઓ પાસેથી બે કરોડ સિત્તેર લાખની કરચોરી ઝડપાઇ

5) CA ફાઉન્ડેશન અને ઇન્ટરમિડીએટનું પરિણામ જાહેર, ઓલ ઇન્ડિયા પરિણામ 5.66 ટકા અને અમદાવાદનું 3.80 ટકા

6) આજે ઉજાસના પર્વ એવા દિવાળીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી.... મુખ્યમંત્રીએ દિવાળી અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી..

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# UNITY DAY

આજે રાષ્ટ્રીય એકતા દિવસ છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુખ્ય ભૂમિકા ભજવનારા અને દેશના પહેલા નાયબ પ્રધાનમંત્રી તેમજ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની આજે જન્મજયંતિ છે. દર વર્ષે 31મી ઑક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરાય છે. રાષ્ટ્રીય એકતાના પ્રતિબદ્ધતા અને અસાધારણ નેતૃત્વ માટે વિખ્યાત એવા સરદાર પટેલને ભારતના લોખંડી પુરુષ તરીકે પણ યાદ કરાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના કેવડિયા ખાતે સરદાર પટેલની પ્રતિમાપર પુષ્પાંજલિ અર્પણ કરશે. તેઓ રાષ્ટ્રીય એકતા દિવસ સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે.

દરમિયાન શ્રી મોદી ઉપસ્થિત લોકોને રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવશે. ત્યારબાદ એકતા દિવસ પરેડ યોજાશે, જેમાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, NCC, રાષ્ટ્રીય સુરક્ષા દળ, સરહદ દળ અને કેન્દ્રીય અનામત પોલીસ દળ જોડાશે. ભારતીય વાયુ સેના સૂર્ય કિરણ ફ્લાય પાસ્ટ રજૂ કરશે. આ સમારોહમાં શાળાના બાળકોનો પણ કાર્યક્રમ યોજાશે.

# PM IN EKTA NAGAR

આ સાથે જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એકતા નગર ખાતે ૨૮૪ કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે નવા આકર્ષણ કેન્દ્રોની સાથે પ્રવાસનના વિકાસને પ્રોત્સાહન આપતા વિવિધ પ્રકલ્પોની અનાવરણ કર્યું, જે સ્ટેચ્યૂ ઑફ યુનિટીને વૈશ્વિક ઓળખ અપાવશે. સાથે જ એકતાનગર ખાતે આવતા પ્રવાસીઓને વૈશ્વિક કક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ થશે.

પ્રધાનમંત્રીએ જે વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું તેમાં બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર જેવા મહત્વાકાંક્ષી પ્રકલ્પો સામેલ છે. આ ઉપરાંત 22 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ, જેમાં ટ્રોમા સેન્ટર, સિટી સ્કેન, ICU ઓન વ્હીલ્સ સેવાઓ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત એકતા નગર ખાતે 10 સ્માર્ટ બસ સ્ટોપ અને 10 પિક-અપ સ્ટેન્ડ સહિતની સેવાઓના પ્રથમ તબક્કા ઉપરાંત, ૨૩ કરોડ ૨૬ લાખ રૂપિયાના ખર્ચે ૪ મેગાવોટ ક્ષમતાના સોલાર પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કર્યું.

# PM ARAMBH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આરંભ 6.0 દરમિયાન યુવા સનદી અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. પ્રધાનમંત્રીએ જનભાગીદારીની ભાવના સાથે શાસન સુધારવા માટે યુવા સનદી અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. પીએમ દ્વારા મજબૂત ફીડબેક મિકેનિઝમ્સ અને ફરિયાદ નિવારણ પ્રણાલીમાં સુધારો કરવાના મહત્વ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રીએ યુવા સનદી અધિકારીઓને નાગરિકો માટે ‘ઇઝ ઓફ લિવિંગ’ સુધારવા વિનંતી કરી હતી.

પ્રધાનમંત્રીએ X પર પોસ્ટ કરીને લખ્યું હતું કે "આરંભ 6.0 દરમિયાન યુવા સનદી અધિકારીઓ સાથે વાર્તાલાપ કર્યો. અમે જન ભાગીદારીની ભાવના સાથે શાસનને કેવી રીતે સુધારી શકાય તેના પર વિસ્તૃત ચર્ચા કરી. મજબૂત ફીડબેક મિકેનિઝમ અને ફરિયાદ નિવારણ પ્રણાલીમાં સુધારો કરવાના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો. યુવા સનદી અધિકારીઓને નાગરિકો માટે 'ઈઝ ઓફ લિવિંગ'.માં સુધારો કરવા વિનંતી કરી.

# AMITSHAH- GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે બે દિવસીય ગુજરાત પ્રવાસે છે. સવારે, શ્રી શાહ બોટાદમાં આવેલા સાળંગપુરમાં પ્રસિદ્ધ કષ્ટભંજન હનુમાનજી મંદિર ખાતે શ્રીગોપાલાનંદ સ્વામી યાત્રિક ભવનનું ઉદ્ઘાટન કરશે. 200 કરોડ રૂપિયાના ખર્ચે બનેલુ આ નવું ગેસ્ટ હાઉસઅત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે અને તેમાં 1100 રૂમ હશે.

આવતીકાલે શ્રી. શાહ અમદાવાદમાં પિરાણા વેસ્ટ ડમ્પિંગ સાઈટ ખાતે રાજ્યના સૌથી મોટા વેસ્ટ-ટુ-એનર્જી પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. લોકભાગીદારીના મોડલ સાથે તૈયાર થયેલા 375 કરોડ રૂપિયાના ખર્ચે બનેલા આ પ્લાન્ટમાં દરરોજના એક હજાર મેટ્રિક ટન ઘન કચરામાંથી 15 મેગાવોટ ઊર્જા ઉત્પન્ન કરવાની ક્ષમતા છે.

# SGST RAID

રાજ્ય કરવેરા વિભાગ દ્વારા જ્વેલરી અને બુલિયનના ક્ષેત્રમાં સર્ચની કામગીરી કરવામાં આવી હતી.. આ કામગીરી દરમિયાન બે કરોડ 70 લાખ રૂપિયાની કરચોરી ઝડપાઇ હતી.. બાતમીના આધઆરે એસજીએસટી વિભાગે આ ક્ષેત્રના વિવિધ પંદર વેપારીઓને ત્યાં દરોડા પાડ્યા હતા.. જેમાં સુરતના સાત ,રાજકોટના પાંચ  અને અમદાવાદના ત્રણ વેપારીઓને ત્યાં ગઇકાલે સર્ચની કામગીરી હાથ ધરાઇ હતી.. આ કામગીરી દરમિયાન બિન હિસાબી રોકડ, છુપાવેલ મજૂરી ખર્ચ અને બિલ વિનાના વેચાણો હસ્તગત કરાયા હતા.

# CA RESULTS

CA ફાઉન્ડેશન અનેઇન્ટર મિડીએટનું પરિણામ જાહેર થયું છે. ઓલ ઇન્ડિયા પરિણામ 5.66 ટકા અને અમદાવાદનું 3.80 ટકા જાહેર થયું છે.. ઇન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ એસોસિએસન ઓફ ઇન્ડિયા ,ICAI દ્વારા CA ફાઉન્ડેશન અને ઇન્ટરમિડીએટનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે.

CA ફાઈનલનું અમદાવાદનું પરિણામ 22.41 ટકા અને ઈન્ડીયાનું પરિણામ 19.67 ટકા આવ્યું છે. CA ઇન્ટરમિડીએટનું અમદાવાદ ચેપ્ટરમાં ગ્રુપ 1માં 1044માંથી 126 વિદ્યાર્થીઓ પાસ થયા છે. ગ્રુપ બે માં 744 વિદ્યાર્થીઓ પૈકી 143 વિદ્યાર્થીઓ પાસ થયા છે.

બંને ગ્રુપમાં 631 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી 24 વિદ્યાર્થીઓ પાસ થયા છે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

# diwali

પ્રકાશ પર્વ દિવાળીની આજે રાજ્યભરમાં પરંપરાગત રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઇ રહી છે. અધર્મ પર ધર્મના વિજયના પ્રતિક રૂપે ઉજવાતી દિવાળી પર્વની ઉજવણીના ભાગરૂપે ઘરે ઘરે દિવડા રંગોળીના સુશોભન જોવા મળી રહ્યા છે. આજે ચોપડા પૂજન અને લક્ષ્મી પૂજનનું અનેરૂં મહત્વ છે. વેપારીઓ ચોપડા પૂજન કર્યા બાદ કામકાજ બંધ કરશે.

રાજ્યના વિવિધ મંદિરોમાં દિવાળી નિમિત્તે વિશેષ શણગાર, રોશની કરાયા છે. રાજ્યભરના મંદિરો રોશનીથી ઝળહળી રહ્યા છે. વહેલી સવારથી ભક્તોની લાંબી કતારો મંદિરોમાં જોવા મળી. તો બજારોમાં પણ છેલ્લી ઘડીની ખરીદી માટે મોડી રાત સુધી ભીડ જોવા મળી હતી. લોકોમાં ફટાકડા અને મીઠાઇ દ્વારા દિવાળી ઉજવણીનો અનેરો થનગનાટ જોવા મળ્યો. મોડી રાત સુધી લોકો નવા વસ્ત્રો, સુશોભનની ચીજવસ્તુઓ, ફટાકડાની ખરીદી કરતા જોવા મળ્યા.

પ્રકાશ પર્વ દિવાળીની ઉજવણી ગાંધીનગર અક્ષરધામ મંદિરમાં પણ કરવામાં આવશે. ૧૦ હજાર દિવડા સાથે મંદીર પ્રાંગણમાં ગ્લો ગાર્ડન તૈયાર કરવામાં આવ્યું છે. BAPS સ્વામિનારાયણ મંદીર ગાંધીનગર ખાતે આજથી ૮ નવેમ્બર સુધી દિપોત્સવની ઉજવણી થશે.

આ દરમિયાન રાજ્યભરમાં ગઇકાલે કાળી ચૌદસની પરંપરાગત ઉજવણી કરાઇ. રાજ્યના હનુમાન મંદિરો અને શનિ મંદિરોમાં વિશેષ યજ્ઞ પૂજનનું આયોજન કરાયું હતું.

# Diwali cm

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સૌ નાગરિકો અને વિશ્વભરમાં પથરાયેલા ગુજરાતી પરિવારોને દીપાવલી પર્વ અને વિક્રમ સંવત ૨૦૮૧ના નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે.

મુખ્યમંત્રીશ્રીએ સૌને દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું છે કે, દીપાવલીની દીપમાળા, અંધકારથી ઉજાસ તરફની ઉર્ધ્વગતિ અને સકારાત્મક દ્રષ્ટિકોણની પ્રેરણા આપે છે. ગુજરાતની વણથંભી વિકાસયાત્રાને વધુને વધુ આગળ ધપાવવાના દૃઢ સંકલ્પ સાથે સૌ આગળ વધીએ તેવી પણ શુભકામના પાઠવી છે. આ સાથે જ શ્રી પટેલ આજે ગાંધીનગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી પરિવારો સાથે દિવાળીનું પર્વ મનાવશે. રાજ્યના મંત્રીમંડળના મંત્રીશ્રીઓ પણ જુદાં-જુદાં નગરો-ગામોમાં  લાભાર્થી પરિવારો સાથે દિવાળી ઉજવશે..

# RAJBHAVANDIWALI

રાજભવનમાં રંગોળીના રંગોમાં પ્રાકૃતિક ખેતીનો સંદેશ પથરાયો હતો...દિવાળી અને નૂતન વર્ષના તહેવારોમાં રાજભવન રંગોળી અને રોશનીથી ઝળહળી ઉઠ્યું છે... રાજભવનની રંગોળી શોભાની સાથો સાથ સંદેશો પણ આપે છે. લોકોના સ્વાસ્થ્ય, ખેડૂતોની સમૃદ્ધિ તથા હવા-પાણી અને જમીનની જાળવણી માટે કાર્યરત રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધારવા સતત પ્રયત્નશીલ છે. રાજભવનમાં વિશાળ રંગોળીના રંગોમાં 'સ્વસ્થ ભવિષ્ય માટે પ્રાકૃતિક કૃષિ'નો સંદેશ પથરાયો છે... રાજ્યપાલે નવા વર્ષમાં પ્રાકૃતિક કૃષિ પેદાશોનો જ ઉપયોગ કરવાનો સંકલ્પ લેવા સૌને અનુરોધ કર્યો છે.

દીપોત્સવની સંધ્યાએ રાજ્યપાલ અને લેડી ગવર્નર દર્શનાદેવીએ આ રંગોળી પાસે દીવડા પ્રગટાવ્યા હતા..

# AHD ZOO

અમદાવાદ પ્રાણી સંગ્રહાલય અને અમદાવાદ કાંકરિયા લેક ફ્રન્ટ કાર્યરત રહેશે..આગામી ચોથી અને અગિયારમી નવેમ્બરના રોજ સોમવાર હોવા છતા નોકટર્નલ ઝૂ, પ્રાણી સંગ્રહાલય, નગીનાવાડી, બટરફ્લાય પાર્ક અને કિડસ સિટી સહિતના લેક ફ્રન્ટ પરિસર જાહર જનતા માટે ખુલ્લુ રહેશે. તહેવારોમાં લેકફ્રન્ટ પર મુલાકાતીઓ આવે અને તમામ રાઇડસની મઝા માણે તે માટે તંત્ર દ્વારા આ નિર્ણય લેવાયો છે.

# AHMEDABAD METRO TIMING

દિવાળીના તહેવારને જોતા અમદાવાદ મેટ્રોના સમયમાં એક દિવસ માટે ફેરફાર કરાયો છે. આજે અમદાવાદ મેટ્રો સવારે 6.20થી સાંજે 7 વાગ્યા સુધી કાર્યરત રહેશે. આજે શહેરના દરેક ટર્મિનલ એટલે કે મોટેરા સ્ટેડિયમ, APMC, વસ્ત્રાલ ગામ તેમજ થલતેજથી બંને કોરિડોરમાં છેલ્લી ટ્રેન ઉપડવાનો સમય સાંજે 7 વાગ્યાનો રહેશે. સામાન્ય દિવસોમાં આ સમય સવારે 6.20થી રાત્રે 10 વાગ્યાનો છે. આપને જણાવી દઈએ કે ગાંધીનગર મેટ્રો ટ્રેનની સેવાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે.